ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૮ ટકા

# નર્મદા કેનાલમાં ૨૪ કલાકમાં પાંચના આપઘાત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં છેલ્લા ૨૪ કલાકમાં નાપાસ થયેલા બોર્ડના બે વિદ્યાર્થીઓ સહિત પાંચ વ્યકિતઓએ પડતું મુકી આપઘાત કર્યો હોવાની કરૂણ વિગતો ધ્યાને આવી છે. બે વિદ્યાર્થીઓ, એક મહિલા સહિત પાંચ વ્યકિતઓએ સુઘડ, કરાઈ, લીંબડીયા વિસ્તારની કેનાલમાં અલગ અલગ સમયે ઝંપલાવ્યું હતું. તે પૈકી બે વિદ્યાર્થીઓ સહિત ચારના મૃતદેહ મળ્યા છે જયારે મહિલાની શોધખોળ ચાલી રહી હોવાનું ધ્યાને આવ્યું છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આવ્યા બાદ એક વિદ્યાર્થી હતાશ થઈને લીંબડીયા કેનાલ પાસે પહોંચી ગયો હતો અને કેનાલમાં પડતું મુકી આપઘાત કરી લીધો હતો. તરવૈયાઓએ સાંજે મૃતદેહ બહાર કાઢી પરિવારજનોને સોંપ્યો હતો. જો કે પરિવારજનો એ કોઈ કાર્યવાહી ન કરવી હોવાનું કહીને પોલિસને જાણ કર્યા વગર મૃતદેહ



લઈ જઈ અંતિમવિધિ કરી લીધી હતી. તે ઉપરાંત ગઈ સાંજે લીંબડીયા કેનાલ ખાતે એક મહિલાએ ઝંપલાવ્યું હોવાના મેસેજ મળ્યા હતા. જો કે કેનાલમાં શોધખોળ કરવા છતા હજુ તેની ભાળ મળી શકી નથી. લીંબડીયા નજીક કેનાલમાંથી આશરે ૫૦ વર્ષના આધેડનો બિનવારસી મૃતદેહ પણ મળી આવ્યો છે. અજાણ્યા ૫૦ વર્ષીય આધેડનો મૃતદેહ કેનાલમાંથી કાઢી ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પી.એમ. કરાવી ઓળખ માટે દોડધામ શરુ કરી છે. તો ઉપરાંત આજે સવારે સરદારનગર ખાતે સિંધી કોલોનીમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા એક સંતાનના પિતા ૩૧ વર્ષીય અમિત ગુરમુખદાસ કુડનાની એકટીવા લઈને સુઘડ કેનાલ પાસે આવી પહોંચ્યા હતા એકટીવા કેનાલ પાસે પાર્ક કરી મોબાઈલ સાઈડમાં મુકીને અમિત કુડનાનીએ કેનાલામાં પડતું મુકી દીધું હતું. બપોરે સુઘડ કેનાલમાંથી તેમનો મૃતદેહ મળી આવતા અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. તે ઉપરાંત અન્ય એક વિદ્યાર્થીએ તેના નિરાશાજનક પરિણામને પગલે કરાઈ કેનાલમાં પડતું મુકયું હતું. મોડી સાંજે તેનો મૃતદેહ મળતા ડભોડા પોલિસે સ્થળ પર પહોંચી કાર્યવાહી શરુ કરી હતી. ૨૪ કલાકમાં ગાંધીનગર નજીકથી પસાર થતી કેનાલમાં પાંચ પાંચ વ્યકિતએ આપઘાત કરી જીવન ટુંકાવ્યા હોવાની ઘટના બની છે. દર એક-બે દિવસે કેનાલમાં આપઘાત થાય છે તેમ છતાં કેનાલ ફરતે સુરક્ષા કર્મીઓ ગોઠવવામાં નિંદ્રાધીન તંત્ર નિરસતા દાખવે છે.

## @ગાંધીનગર

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા શોભાબેન કાન્તિલાલ કડિયા સે-૪-એ પ્લોટ નં. ૨૩૨/૨, રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## આજે મધુવન પ્રિમિયર લીગનો સમાપન સમારોહ

ગાંધીનગર, તા.૩૧

મધુવન પ્રિમિયર લીગ નાઈટ ક્રિકેટ ટુર્માનેન્ટનું આયોજન મધુવન ફાર્મ ખાતે ગુજરાત સ્થાપના દિને ફિલ્મ અભિનેત્રી અને ગાંધીનગરની દીકરી અવની મોદીના હસ્તે શુભારંભ કરાયો હતો. જેમાં અત્યાર સુધીમાં ૬૫ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. આ ટીમોમાં રાજભવન ઈલેવન, સી.એમ.કમાન્ડો ઈલેવન, ગાંધીનગર પોલિસ ઈલેવન તથા ગાંધીનગર શહેર અમદાવાદ શહેર અને આજુબાજુની ટીમોએ ભાગ લઈ ટુર્નામેન્ટને ખુબ જ રસપ્રદ બનાવી હતી. આ ટુર્નામેન્ટની તા. ૧ જુન ૨૦૧૭ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ફાઈનલ મેચ રમાશે.

આ પ્રસંગે ક્રિકેટ રસિક ખેલાડીઓને પ્રોત્સાહન આપવા આજ રોજ રાત્રે ૯.૦૦ કલાકે ગાંધીનગરના જિલ્લા કલેકટર સતિષ પટેલ, ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન બી.એસ. લુથરા, બ્રહ્માકુમારી સંસ્થાના વડા કૈલાશ દીદી, બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર પુષ્પાબેન તેમજ મધુવન ફાર્મના માલિક દિપક ચૌધરી ખાસ ઉપસ્થિત રહેશે. વિજેતા ટીમોને ટ્રોફી તથા પુરસ્કારોથી નવાજવામાં આવશે તેવું એમ.પી. સેલના આયોજક જીગર ત્રિવેદીએ જણાવેલ છે.

## સે.૬ પોસ્ટ ઓફિસમાં વિધવા બહેનોને સહાયના ફોર્મ ભરવા ધરમધક્કા

**કર્મચારીઓ ૧૫ દિવસથી ફોર્મ નથી તેવા જવાબો આપે છે**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરની પોસ્ટ ઓફિસમાં કામ કરતા કર્મચારીઓની છેલ્લા ઘણા સમયથી બુમ ઉઠવા પામી છે. સર્વર ડાઉન છે તેમ કહીને પોતાની કામગીરીમાંથી છટકી જાય છે. ત્યારે સે-૬ પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૧૫ દિવસથી વિધવા સહાય પેન્શનના ફોર્મ જ હાજર સ્ટોકમાં નથી. પંદરથી વિધવા બહેનોને આવશે ત્યારે આપીશું તેમ કહી ધક્કા ખવડાવવાં આવે છે. જયારે કેટલાક બહેનોને તો ફોર્મ ભર્યા નથી એટલે બે માસના રૂપીયા પણ મળ્યા નથી. ત્યારે આવી પરિસ્થિતિમાં વિધવા સહાયના ફોર્મ કયારે આવશે તેની કાગડોળે રાહ બહેનો જોઈ રહી છે.

રાજયની વિધવા નિરાધાર બહેનોને સરકારી તંત્ર દ્વારા મહિને એક હજાર રૂપીયાની સહાય રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ અંગે વિધવા બહેનોને પોસ્ટ ઓફિસમાં એકાઉન્ટ આવેલું હોય છે.જેમાં દરમાસે રૂપીયા જમા થઈ જાય છે. પરંતુ સમયાંતરે સરકારમાં વિવિધ ફોર્મ ભરીને મોકલવાના હોય છે. આ ફોર્મ પોસ્ટ ઓફિસમાંથી વિધવા બહેનોને આપવામાં આવે છે ત્યારબાદ તેઓને પેન્શન મળવાપાત્ર થાય છે. નવા સેકટરોમાં રહેતી વિધવા બહેનોના સે-૬માં પોસ્ટ ઓફિસમાં એકાઉન્ટ છે. ત્યારે વિધવા સહાય પેન્શનનું ફોર્મ ભરવાનું હોય છે પરંતુ છેલ્લા ૧૫ દિવસથી વિધવા બહેનોને સ્ટાફ કર્મચારીઓ ધક્કા ખવડાવે છે. ફોર્મ નથી આવશે ત્યારે આપીશું. તેવા જવાબો આપી હાંકી કાંઢવામાં આવે છે. ત્યારે કેટલાક બહેનોનું તો બે માસનું પેન્શન પણ અટકી પડ્યું છે. ઉનાળાની આકરી ગરમીમાં વારંવાર બહેનો પોસ્ટ ઓફિસના ધક્કા ખાઈને કંટાળી ગયા છે.ત્યારે પોસ્ટ ઓફિસમાં કયારે વિધવા સહાયના ફોર્મ આવશે તેની કાગડોળે રાહ જોઈને બહેનો બેઠા છે. વિધવા બહેનોને સરકારી યોજના હેઠળ લાભ મળે છે. પરંતુ કર્મચારીઓની ઉદાસીનતાને કારણે મહિલાઓના પેન્શન અટકી ગયા છે.

## લાયસન્સ વગર ચાલતી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સી પકડાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓ વધતા જાનમાલની સલામતિનો પ્રશ્ન ઉદભવે છે. સોસાયટીઓમાં સિકયુરીટી હોવા છતાં ચોરીઓ તથા મારામારી જેવા કિસ્સાઓ બને તે નવાઈની વાત છે. આવા કિસ્સામાં સિકયુરીટીની કામગીરી પણ શંકા ઉપજાવે છે. આ બાબતને ગંભીરતાથી લઈ ગાંધીનગર એસઓજીની ટીમે સિકયુરીટી એજન્સીઓ પણ તપાસવાનું શરુ કર્યું છે. તાજેતરમાં અડાલજ નજીક સેન્ટોસા બંગ્લોઝમાં ઘરફોડ ચોરી થઈ હતી ત્યાં સિકયુરીટી ગાર્ડ મુકાયેલા છે તે એજન્સીની તપાસ કરતા કોઈ પણ પ્રકારના લાયસન્સ વગર એજન્સી શરુ કરી દીધી હોવાની ગંભીર બાબત ધ્યાને આવી છે. એસઓજીએ એજન્સીના માલિક સામે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

એસઓજી પી.આઈ. ડી.ડી. સોઢાની ટીમના પીએસઆઈ એલ.એસ. ચૌધરીએ ખાનગી સિકયુરીટી એજન્સી તપાસવાનું શરુ કર્યું છે. તાજેતરમાં અડાલજ નજીક સેન્ટોસા બંગ્લોમાં મુકાયેલી સિકયુરીટી ગાર્ડ જે એજન્સીની છે તે 'એસ.કે. ઓર્ગેનાઈઝેશન એન્ડ ગાર્ડ સર્વિસીઝ' નામની એજન્સી છે તપાસ કરતાં ૧૦૦થી વધુ ગાર્ડ ધરાવતી આ એજન્સીને લાયસન્સ જ ન હોવાનું ધ્યાને આવ્યું છે. છત્રાલ ખાતે માનસરોવર સોસાયટીમાં રહેતા એજન્સીના માલિક અમરેશસિંહ શભાસિંહ રાજપુત નામના શખ્સ સામે ખાનગી સલામતિ એજન્સી ધારા ૨૦૦૫ની કલમ ૨૦ (૧) મુજબ એસઓજીએ અડાલજ પોલિસ સ્ટેશનમાં ગુનો દખલ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

## ધો-૧૨ સામાન્ય પ્રવાહનું જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું પરિણામ ૮૬.૧૩ ટકા

ગાંધીનગર, તા.૩૧

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૬.૧૩ ટકા આવેલ છે. ૧૩૭ વિદ્યાર્થીનીઓમાંથી ૧૧૮ પાસ થયેલ છે. બોર્ડનું પરિણામ ૫૬.૮૨ ટકા સામે શાળાનું પરિણામ ૮૬.૧૩ ટકા આવેલ છે. શાળામાં પ્રથમ ક્રમે ચૌધરી કિરણ બબાભાઈ ૮૨.૨૬ ટકા, બીજા ક્રમે ધકાણ શ્વેતા વિનોદરાય ૮૧.૧૪ ટકા અને તૃતીય ક્રમે ચૌધરી જયોત્સના ભાવાભાઈ ૭૮.૫૭ ટકા રહેલ છે. સર્વેને શાળા પરીવારે અભિનંદન પાઠવેલ છે.

## વાતવાતમાં

● ચારધામની યાત્રાએ ગયેલા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ કેદારેશ્વરમાં ઘોડાની મદદથી નીચે ઉતરી રહ્યા હતા ત્યારે તેઓ ઘોડા પરથી પડી જતાં ઈજાગ્રસ્ત બન્યા છે. તબીબોએ તેમને બેડ રેસ્ટની સલાહ આપવા સાથે નાનકડા ફેકચરની પણ શંકા વ્યકત કરી છે.

● નીતિ આયોગે આજે જિલ્લાના આરોગ્ય અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી આરોગ્ય વિષયક સેવાઓના અમલીકરણ અંગેની સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ પ્રા. શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર વર્ગ-૧માં મદદનીશ સ્કુલ કમિશનર તરીકે નિયુકત થતાં તેઓ આજે ગાંધીનગર જિલ્લાના હવાલામાંથી મુકત થયા છે.

● જિલ્લા ખેતીવાડી અધિકારીના વરિષ્ટ કર્મચારી કીરીટસિંહ વાઘેલા આજે ૩૪ વર્ષની લાંબી કારકીર્દી પછી વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.

## બીબીએ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે સાયન્સ સીટી મુલાકાતનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને સાયન્સ સિટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. સાયન્સના



વિવિધ મોડ્યુલ્સ મેનેજમેન્ટ ક્ષેત્રે કઈ રીતે ઉપયોગી થાય તે બાબત વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સાયન્સ સીટીમાં વિવિધ પ્રદર્શન તેમજ ઓડિયો વિડીયો આધારિત અનેક પ્રોજેક્ટ્સ, મોડ્યુલ તેમજ ચાર્ટ નિહાળ્યા હતા. તેમજ હોલ ઓફ સાયન્સ હોલ ઓફ માર્સની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ સાયન્સ સીટી અમદાવાદનું અનેરું આકર્ષણ થ્રીડી મુવીનો પણ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. વિદ્યાર્થીઓએ અહીંના મેનેજમેન્ટનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યો હતો. જેથી ભવિષ્યમાં તેઓ પણ વિવિધ મેનેજમેન્ટ ઈવેન્ટ મેનેજ કરી શકે. વિદ્યાર્થીઓ સાથે સાયન્સ સિટી તરફથી પુલકીતભાઈ તેમજ ભરતભાઈએ વિદ્યાર્થીઓ સાથે સમન્વય સાધી સંપૂર્ણ મુલાકાત સફળતાપૂર્વક કરાવી હતી. સમગ્ર મુલાકાત બાબતે ગુજકોસ્ટનાં ઍડવાઈઝર તેમજ સાયન્સ સિટીનાં સિનિયર સાયન્ટિસ્ટ ડૉ. નરોત્તમ સાહુ સાહેબનો સહકાર સાંપડ્યો હતો. વિદ્યાર્થીઓ વેકેશન દરમ્યાન મળેલ સમયનો સદુપયોગ કરે તેમજ તેઓને અવનવી બાબતો જાણવા મળે તે ઉદેશ્યથી સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કૉલેજ તરફથી મુલાકાતને સફળ બનાવવા આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

## શ્રમિક પરિવારની દિકરીએ સામાન્ય પ્રવાહમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી

ગાંધીનગર, તા.૩૧

જિલ્લાના અલુવા ગામમાં રહેતા શ્રમિક પરિવારની દિકરીએ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કરી આજના વિદ્યાર્થીઓને અનોખુ પ્રોત્સાહક બળ પુરુ પાડ્યું છે. રશ્મિકાએ આગળ અભ્યાસ કરીને સરકારી નોકરી મેળવવાની ખેવના વ્યકત કરી છે. ત્યારે રશ્મિકાના પરિવાર અને ગામમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના અલુવા ગામમાં રહેતી રશ્મિકાએ ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૫.૪૧ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. શ્રમિક પરિવારની દિકરીના ઉજવળ પરિણામથી તેના રીક્ષા ચાલક પિતા ઉમેદભાઈ અને આઉટ સોર્સિંગમાં કામ કરતા માતા હંસાબેને હર્ષની લાગણી વ્યકત કરી છે. અલુવા ગામમાં ઉમેદભાઈ પત્નિ હંસાબેન, દિકરી રશ્મિકા તેમજ દિકરા સાથે રહે છે.આજના સમયની કારમી મોંઘવારીમાં પરિવારનું ભરણ પોષણ



કરવુ પણ અઘરુ બન્યું છે. ત્યારે દિકરીના અભ્યાસના ટયુશન સહિતના અન્ય ખર્ચને પહોંચી વળવુ પરિવાર માટે શકય નહોતું. કારણ કે માતા પણ સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સીના વર્ગ-૪ કર્મચારી તરીકે કામ કરે છે. માતા-પિતા બંન્ને સવારથી સાંજ સુધી સતત કામમાં વ્યસ્ત હોય છે. ત્યારે પોતાની દિકરીને ભણાવી શકે તેટલો અભ્યાસ પણ તેઓએ કર્યો નથી. ત્યારે રશ્મિકાએ વગર ટ્યુશને દિવસના ૬ થી ૭ કલાકનું વાંચન કરીને ધો-૧૨સામાન્ય પ્રવાહમાં ૮૫ ટકા મેળવ્યા છે. પોતાની સફળતા પાછળ માતા-પિતાનો પરિશ્રમ છુપાયેલો છે તેમ રશ્મિકાનું કહેવું છે. ગ્રામ ભારતી સ્થિત ઉતર બુનિયાદી કન્યા વિદ્યાલયે પણ રશ્મિકાને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી છે. જયારે પરિવાર અને ગામમાં રશ્મિકાની ઝળહળતી સફળતાને લઈ આનંદ છવાયો છે. રશ્મિકાએ ઉચ્ચ અભ્યાસ કરીને સરકારી નોકરી મેળવવાની ખેવના વ્યકત કરી છે.

## જયપ્રકાશ વિદ્યાલયનું સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૩૧

જયપ્રકાશ વિદ્યાલય ગાંધીનગરનું ધો-૧૦ એસએસસી પરીક્ષાનું પરિણામ ૭૭.૪૨ટકા આવેલ છે. જયારે ધો-૧૨ કોમર્સનું ૧૦૦ ટકા પરિણામ આવેલ છે. આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાય અને શાળા સંચાલક શ્રીમતી દક્ષાબેન સુથારે સર્વેને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

ધો-૧૦માં પ્રથમ ક્રમે શાહ મયંક ગિરીશભાઈ ૯૬.૯૯ પર્સેન્ટાઈલ, બીજા ક્રમે ચૌધરી વિપલ પરેશભાઈ ૯૫.૯૮ પર્સેન્ટાઈલ અને તૃતીય ક્રમે પટેલ સ્મિત ભગવાનદાસ ૯૪.૧૫ પર્સેન્ટાઈલ રહેલ છે.

ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ સૃષ્ટિ જગદીભાઈ ઠક્કર, ૯૪.૯૯ પર્સેન્ટાઈલ, બીજા ક્રમે જયરાજસિંહ કિરિટસિંહ રાઠોડ ૬૨.૫૩ પર્સેન્ટાઈલ અને તૃતીય ક્રમે મયુરી રાજેશકુમાર પટેલ ૫૪.૯૨ પર્સેન્ટાઈલ આવેલ છે.

## શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક મોકુફ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક ૧-૬-૧૭ને ગુરુવારે મળનાર હતી જે વહીવટી કારણોસર મોકુફ રાખવામાં આવી છે અને જુન માસની કાર્યવાહક સમિતિની બેઠક આગામી તા. ૧૫-૬-૧૭ને ગુરુવારે સાંજે ૫.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષમાં બીજા માળે સે-૨૨ ખાતે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને મળશે. જેની સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોએ નોંધ લેવા જણાવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ધવલ તન્ના**

સ્થાપક, આપણું ફાઉન્ડેશન

**ગાંધીનગર ગમે**

કુદરતી સુંદરતા, માનવસર્જિત સગવડતા, મોકળાશ, સ્વસ્થ વાતાવરણ અને કલા-સંસ્કૃતિપ્રેમી નાગરિકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, શિસ્તબદ્ધ, સરળ અને સેવાભાવી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરની સઘળી કલા અને સેવા પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ્સ, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓલ વિશેષ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

કલાની જેમ સેવા અને શહેરના સંચાલનની બાબતોમાં પણ યુવાઓનું યોગદાન વધે તો સોનામાં સુગંધ ભળે એવું મહેસૂસ થાય છે.

**નગર માટે હું કરી શકું**

કલા અને સેવાનાં ક્ષેત્રો માટે મારી સઘળા પ્રકારની સહાય શહેરને પૂરી પાડવા હું તૈયાર છું.

## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનું ઉત્કૃષ્ટ પરિણામ

ગાંધીનગર, તા.૩૧

મહર્ષઅત્રિ માધ્યમિક શાળા પીપળજનું માર્ચ ૨૦૧૭નું એસ.એસ.સી. બોર્ડનું પરિણામ ૯૫.૩૧ ટકા આવેલ છે. સતત ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦ટકા આવે છે. શાળાના ટ્રસ્ટી ભરતભાઈ ઠુંમર, રણછોડભાઈ પટેલ તેમજ આચાર્ય ભરતસિંહ રાઠોડે શાળાના શિક્ષકોને તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ છે.

## શહેરમાં વધતા દબાણ સામે રાજધાની સેવા મંડળનો આક્રોશ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં ગલ્લા અને ઝુંપડપટ્ટી વર્ષોથી ગર્વમેન્ટ જગ્યાએ દબાણ કર્યા કરે છે પણ તેનો કોઈ નિકાલ આવતો નથી અને ગમે તે જગ્યાએ સેકટરના રોડની ફુટપાથ ઉપર ગલ્લાઓ મુકીને દબાણ થતાં જોવા મળે છે. સેકટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં બગીચામાં આવતા રોડ ઉપર ગલ્લો મુકીને દબાણ થયેલ છે. જયાં લુખ્ખા તત્વો ભેગા થાય છે જેની આજુબાજુ રહેણાંક મકાનો આવેલા હોવાથી ત્યાંના વસાહતીઓને તેમજ રોડ ઉપર આવ-જા કરતા વાહનોને પણ મુશ્કેલી પડી રહી છે. જો આ ગલ્લો તાત્કાલીક ઉઠાવવામાં નહી આવે તો ત્યાં બીજા ગલ્લા પણ દબાણ કરશે તો આ ગલ્લો તાત્કાલિક ઉઠાવવા માટે પ્રમુખ રજુજી બી. ગોલે જોરદાર રજુઆત કરી છે.

# શહેરના સ્વિમર્સ રાજયકક્ષાએ ઝળકયા

**જુનિયર સ્વિમીંગ ચેમ્પિયનશીપમાં ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ્સ સાથે ન્યુ મીટ રેકોર્ડ પણ સ્થાપિત કર્યો**



રાજીન્દરસીંગ આનંદ | રુચીસિંગ ચૌધરી | શ્રેષ્ઠ જહા | મહર્ષ પટેલ | કમલજીતસિંગ ચૌધરી | દેવેન પ્રજાપતિ | ભવ્ય શર્મા

ગાંધીનગર, તા.૩૧

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ ૩૪મી સબ જુનિયર અને ૪૪મી જુનિયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૭માં ગાંધીનગરના તરવૈયાઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરતા ૧૧ મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. આ સ્પર્ધામાં ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ જીતવા સાથે ૧ ન્યુ મીટ રેકોર્ડ પણ પ્રસ્થાપિત કર્યો છે.

ગાંધીનગરના સ્વિમર્સે તા. ૨૭થી તા. ૨૮મી મે દરમિયાન થલતેજના એકલવ્ય સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધા ૩૪મી સબ જુનિયર અને ૪૪મી જુનિયર સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપમાં શહેરનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં રાજીન્દરસીંઘ આનંદે ૫૦ મી., ૧૦૦મી, અને ૨૦૦ મી. બેક સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ્સ જીત્યા છે તેમજ તેમણે ૫૦ મી. બેક સ્ટ્રોકમાં ૦૦.૨૯.૩૮ના ટાઈમીંગ સાથે ન્યુ મીટ રેકોર્ડ પણ પ્રસ્થાપિત કર્યો છે. આ ઉપરાંત આ સ્પર્ધામાં રૂચીસીંગ ચૌધરીએ ૪૦૦ મી. ઈન્ડિવિઝયુઅલ મિડ લેમાં સિલ્વર, શ્રેષ્ઠ જહાએ ૫૦ મી. બટરફલાયમાં તેમજ ૪x૫૦ મીડલે રીલેમાં સિલ્વર મેડલ્સ જીતવા સાથે ૪x૫૦ મી. ફ્રી સ્ટાઈલ રીલેમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. મહર્ષ પટેલે ૧૦૦મી. બેક સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ, ૪x૫૦ મી. મીડલે રીલેમાં સિલ્વર મેડલ તથા ૪x૫૦ મી. ફ્રી સ્ટાઈલ રીલેમાં બ્રોન્ઝ મેડલ, કમલજીતસિંગ ચૌધરીએ ૪x૫૦ મી. મીડલ રીલેમાં સિલ્વર મેડલ, ૪x૫૦ મી.ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ, દેવેને પ્રજાપતિએ ૪x૫૦ મી. ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ અને ભવ્ય શર્માએ ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ તેમજ ૪x૫૦ મી. મીડલે રીલેમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસીએશને ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

- સ્વ. અમરતભાઈ અમથારામ પ્રજાપતિ, ઉ.વ. ૬૯
- સ્વ. વિજયસિંહ ગાભુસિંહ સોલંકી, ઉ.વ. ૨૩
- સ્વ. ભરતભાઈ નાગજીભાઈ વણઝારા, ઉ.વ. ૨૭